ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

## પરિપત્ર

**વિષય:- શારીરિક શિક્ષણ વિભાગના પ્રવાસભથ્થા, દૈનિક ભથ્થા તેમજ અન્ય ભથ્થા તથા અગત્યના નિયમો બાબત.**

**સંદર્ભ:- (1) બોર્ડ ઓફ ગવર્નર્સ બેઠક નં. 7 ના ઠરાવ ક્રમાંક 07.05 મુજબ**
**(2)એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક નં.39ના ઠરાવ ક્રમાંક 39.03.12**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ કોલેજો/સંસ્થાના પી.ટી.આઈ.શ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી આંતર કોલેજ રમત-ગમત સ્પર્ધાઓ તથા આંતર યુનિવર્સિટી રમત-ગમત સ્પર્ધા અંતર્ગત જરૂરી આર્થીક બાબતો અને નિયમો અંગે સ્પોર્ટસ કમિટીની ભલામણ અનુસાર બોર્ડ ઓફ ગવર્નર્સ બેઠક નં. 7 ના ઠરાવ ક્રમાંક 07.05થી મંજુર કરવામાં આવેલ છે. જેની વર્ષ 2024-25થી યોજાનાર આંતર કોલેજ સ્પોર્ટસ કેલેન્ડર અંતર્ગતની સ્પર્ધાઓના આયોજન તથા આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓ માટે ઉક્ત આર્થિક તથા અગત્યના નિયમોની અમલવારી કરવામાં આવેલ હોય જેની સબંધિતોએ ધ્યાને લેવા વિનંતી.

કા.કુલસચિવ

બિડાણ: આંતર કોલેજ અને આંતર યુનિવર્સિટી રમવા જતા વિદ્યાર્થીઓ
અને કોચ/મેનેજર વગેરે માટે જરૂરી આર્થિક તથા અગત્યના નિયમો

ક્રમાંક/બીકેએનએમયુ/શા.શિ./૨૩૬ /2024
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બીકેએનએમયુ રોડ,
ખડીયા, જૂનાગઢ-362263.
તા.25/07/2024

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી. સેન્ટરના વડાઓ તરફ...

નકલ સાદર રવાના :
(૧) કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
(૧) આઈ.ટી. સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે

Bhakta Kavi Narsinh Mehta University
Physical Education Cell
Junagadh (Guj.)



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

# શારીરિક શિક્ષણ વિભાગ અંતર્ગત આંતર કોલેજ અને આંતર યુનિવર્સિટી રમવા જતા વિદ્યાર્થીઓ અને કોચ/મેનેજર માટે જરૂરી આર્થિક તથા અગત્યના નિયમો

## (A) સામાન્ય નિયમો

**(1)** સ્પોર્ટસ કેલેન્ડર અંતર્ગત નક્કી કરવામાં આવેલી તારીખો અનુસાર દરેક આંતર કોલેજ રમતનું આયોજન થાય તેની ખાસ કાળજી સબંધીત રમતમાં આયોજકની રહેશે અને તેઓએ AIU દ્વારા પ્રસિધ્ધ થયેલ આંતર યુનિવર્સિટી સ્પોર્ટસ કેલેન્ડરની તારીખ પહેલા આયોજન કરવાનું રહેશે.

**(2)** સ્પોર્ટસ કેલેન્ડર અંતર્ગત રમાનારી જે તે સ્પર્ધામાં ઓછામાં ઓછી ત્રણ ટીમો સ્પર્ધક તરીકે હોવી જોઇએ.

**(3)** જે કોઇ કોલેજની આખી ટીમ ન હોય અને તોય વિદ્યાર્થી ભાગ લેવા ઇચ્છતો હોય તો જે સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતો હોય તે સ્પર્ધાના દિવસે સ્પર્ધાના સ્થળ પર હાજર રહેવાનું રહેશે. ડાયરેક સિલેકશનમાં એક કોલેજમાંથી ઓછામાં ઓછો ૧ અને વધુમાં વધુ ૫ ખેલાડીઓને ભાગ લેવા દેવો. ઉપરાંત જો કોઈ રમતમાં સ્પર્ધા કરી શકાય એમ ન હોય અને સીધું સિલેકશન કરવાનું થાય તો એક કોલેજમાંથી ઓછામાં ઓછો ૧ અને વધુમાં વધુ જે તે રમતમાં રમનાર ખેલાડીઓની સંખ્યા જેટલા ખેલાડીઓને (અવેજી ખેલાડીઓની સંખ્યા બાદ કરતા) ભાગ લેવા દેવો.

**(4)** સ્પર્ધાનું આયોજન કરનારી કોલેજે સ્પર્ધાનું સુચારૂ આયોજન થાય તે અંગે કાળજી લેવી તથા આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરનાર કોલેજે પોતાનો અહેવાલ વર્ડફાઈલ માં ટાઈપ કરી ફોટોગ્રાફ સાથે અનિવાર્યપણે મોકલવો. તેમજ ઈન્ટર યુનિવર્સિટી ખાતે ટીમ લઈને રમવા જતાં કોચ/મેનેજરએ પણ પોતાનો અહેવાલ જમા કરાવવાનો રહેશે.

**(5)** જે તે સ્પર્ધાના પસંદગી સમિતીના સભ્યોએ આયોજક કોલેજના સંપર્કમા રહેવું તથા સ્પર્ધાના સ્થળ પર પૂર્ણ સમય હાજરી આપવાની રહશે.

**(6)** આંતર યુનિવર્સિટી માટે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને કોચીંગ કેમ્પ માટે આયોજન કરવાનું રહેશે.

**(7)** આંતર યુનિવર્સિટી માટે પસંદગી પામેલા વિદ્યાર્થીઓ સાથે કોચ મેનેજર તરીકે આંતર કોલેજ સ્પર્ધામાં ચેમ્પીયન ટીમની કોલેજના માન્યતા પ્રાપ્ત અધ્યાપકશ્રી એ જ જવાનું રહે છે, મહીલા ટીમ સાથે ફરજીયાત પણે કોચ કે મેનેજર તરીકે એક મહીલા અધ્યાપકને મોકલવાના રહેશે અને આ માટેની જવાબદારી જે તે ચેમ્પિયન કોલેજની રહેશે. (જો ખાસ કિસ્સામાં આંતર કોલેજ સ્પર્ધાઓમાં વીજેતા કોલેજ હોય કે ન હોય દરેક રેગ્યુલર પી.ટી.આઈ.એ ફરજીયાતપણે આંતર યુનિવર્સિટી સ્પર્ધા ટીમ સાથે જવુ.)

**(8)** આંતર યુનિવર્સિટી માટે જતી ટીમના કોચ/ મેનેજરને એડવાન્સમાં રકમ ચુકવવી તથા કોચ/મેનેજરે પંદર દિવસમાં હિસાબો ફરજીયાતપણે ખર્ચના આધારો સાથેના હિસાબો તથા અહેવાલ યુનિવર્સિટી ખાતે રજુ કરવાનાં રહેશે. અન્યથા કોલેજ સામે શિક્ષાત્મક

Bhakta Kavi Narsinh Mehta University Physical Education Cell Junagadh (Guj.)



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

પગલાં લેવામાં આવશે. (એડવાન્સ રકમની કાર્યવાહી માટે 15 દિવસનો સમય ગાળો રહેશે. એડવાન્સ રકમ મળ્યા બાદ ટી.એ. ડી.એ. મળવાપાત્ર થતી રકમ વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરવી તથા તેની ટ્રાન્જેક્શનની કોપી હિસાબ સાથે મોકલવી.)

(9) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ થયેલ વિદ્યાર્થીઓ જ સ્પોર્ટસ કેલેન્ડરમાં દર્શાવેલ રમતમાં ભાગ લઈ શકાશે. (યોગ્ય સ્પર્ધકોની પસંદગી થાય તેની જવાબદારી ઓબ્ઝર્વર/સીલેક્ટરની રહેશે. એલીજીબીલીટીની તપાસની જવાબદારી ઓબ્ઝર્વર/સીલેક્ટરની રહેશે.)

(10) આપની કોલેજનો ખેલાડી એલીજીબલ છે કે નહીં તે ખાસ ચકાસવું. નિયમ વિરૂધ્ધ રમનાર ખેલાડીને તથા કોલેજને યુનિવર્સિટી સજા કરશે. તેની જવાબદારી જે તે કોલેજની રહેશે.

(11) એલીજીબીલીટી ફોર્મ સાથે જરૂરી ડોક્યુમેન્ટની ટ્રુ કોપી કરીને જ સાથે મોકલવાના રહેશે. (એલીજીબીલીટી ફોર્મ ચેક કરવાની જવાબદારી ઓબ્ઝર્વર/સીલેક્ટરની રહેશે.)

(12) આંતર કોલેજ સ્પર્ધાઓમાં ભાગ લેનાર કોલેજમાં જો કોઈ ખેલાડી ગેરલાયક ઠરશે તો તે કોલેજને જે તે સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે ડિસ્કવોલીફાઈડ કરવામાં આવશે. તથા (ઓબ્ઝર્વર/સીલેક્ટરએ યુનિવર્સિટીને રીપોર્ટ કરવાનો રહશે.)

(13) આંતર કોલેજ રમતોનું સંચાલન કરનાર કોલેજે રમત પ્રમાણે દરેક સ્પર્ધાની એન્ટ્રી ફી રૂ. 200/- લેવાની રહેશે અને રેફરી ચાર્જ પણ રૂ. 200/- લેવાની રહેશે. (ક્રિકેટ સિવાયની અન્ય રમતોમાં આ નિયમ લાગુ રહેશે.) (ક્રિકેટ માટેની ટીમ એટ્રી ફીની રકમ 2000/- રહેશે.)

(14) આંતર યુનિવર્સિટી સ્પર્ધાના સર્ટીફીકેટમાં ખેલાડીઓને પોતાનું નામ તથા અન્ય માહિતી માર્કશીટ અથવા લિવીંગ સર્ટીફીકેટ પ્રમાણે રાખવાના રહેશે જેની ખરાઈ મેનેજર અને ખેલાડીએ કર્યા બાદ જ યુનિવર્સિટીમાં સોપવાની રહેશે, ત્યારબાદ ખેલાડીઓના સર્ટીફીકેટ માં કોઈપણ પ્રકારનો ફેરફાર જણાશે તો સર્ટીફીકેટ સુધારવા માટેની ફી રૂ. 50/- થશે.

(15) આંતર યુનિવર્સિટી માટે જતી ટીમનાં રીઝર્વેશન માટે વ્યવસ્થા કરવા માટે ટિકીટ એજન્ટની નિમણુંક કરવાની જરૂર જણાય તો ખાસ કિસ્સામાં મા. કુલપતિશ્રીની મંજુરી મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

(16) ખેલાડીઓના ડ્રેસની પસંદગી માટે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શારીરિક શિક્ષણના અધ્યાપકોની કમિટીની નિમણુક કરવી અને રમતને અનુરૂપ ડ્રેસ ખેલાડીઓને આપવો. જેમ કે કુસ્તી માટે ડ્રેસ અને શુઝ, વેઈટ લીફ્ટીંગ અને પાવર લીફ્ટીંગ માટે ડ્રેસ, યોગા માટે ડ્રેસ, કબડ્ડી માટે મેટ શુઝ, રસ્સા ખેંચ માટે ડી.એમ.એસ. શુઝ, ખો-ખો માટે મેટ શુઝ, ક્રિકેટ માટે વ્હાઈટ ડ્રેસ, જુડો માટે ડ્રેસ, વુશું અને કરાટે માટે ડ્રેસ તથા સેફ્ટી ગાર્ડ. ખેલાડી બહેનો કોઈપણ પ્રકારના સંકોચ વિના પહેરી શકે તેવા મટીરીયલનો ડ્રેસ તેમને આપવો. (કમિટીની નિમણુક બાદ ખરીદીની તમામ જવાબદારી કમિટીની રહેશે.)

(17) આંતર યુનિવર્સિટી માટે જતી ટીમને ઉતારાથી મેદાન પર જવા આવવા માટેના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ રસીદ મુજબ આપવાની વ્યવસ્થા કરવી.

Bhakta Kavi Narsinh Mehta University
Physical Education Cell
Junagadh (Guj.)



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

(18) આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં રમવા ગયેલ ટીમને પરત ફરવા માટે રીઝર્વેશન કેન્સલ કરી વહેલું આવવાનું થાય તો કેન્સલેશન ચાર્જ અને નવી ટીકીટ મુજબનો ખર્ચ મંજુર કરવો. તથા ખાસ કિસ્સામાં મુસાફરીની ઓરીઝનલ ટીકીટ રજુ ન કરી શકે તો ટીકીટની ઝેરોક્ષ કોપીને માન્ય ગણવી અને તે મુજબ ખર્ચની ચુકવણી કરવી. કોઈ ખાસ સંજોગોમાં કોચ/મેનેજર કે વિદ્યાર્થી ટીકીટ રજુ ન કરી શકે તો તેમને સરકારી બસનું જે પ્રવર્તમાન ટીકીટ ભાડું છે તે ચૂકવી દેવું.

(19) આંતર યુનીવર્સિટી ટીમ સાથે જતા કોચ/મેનેજરને ટ્રેકશુટ આપવા.(વર્ષમાં માત્ર એક જ વખત)

(20) જ્યાં સુધી બોર્ડ ઓફ સ્પોર્ટ્સની રચના ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શારીરિક શિક્ષણના અધ્યાપકોની કમિટીની નિમણુક કરવી.

(21) આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં પસંદગી પામેલ ખેલાડીઓને તેની કોલેજમાં આગાઉથી જાણ થાય તેવી વ્યાવસ્થા કરવી.

(22) આંતર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં રમવા ગયેલ ટીમ સાથે જતા કોચ/મેનેજરને પણ પ્રમાણપત્ર આપવું.

(23) આયોજક કોલેજને આંતર કોલેજ સ્પર્ધાના આયોજન માટે સ્પર્ધા દીઠ આયોજન માટેની ગ્રાન્ટ નક્કી કરવી. મહત્તમ 10,000/-ની મર્યાદામાં ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

(24) ખેલકુદ વાર્ષિકોત્સવનું આયોજન ગરિમાપૂર્ણ થાય તેવું આયોજન કરવું તેવું ઈચ્છનીય છે.

(25) આંતર યુનિવર્સિટી કક્ષાએ રમવા જતી ટીમને ઘણી વખત યજમાન યુનિવર્સિટી તરફથી સમયસર અપડેટ મળતો ન હોઈ તેના કારણે ટીમને તત્કાલ જવાનું થતુ હોય છે. આવા સમયે સ્પર્ધા સ્થળ પર પહોંચવા માટે જે અનુકુળ વ્યવસ્થા ગોઠવવામાં થયેલ ખર્ચને માનનિય કુલપતિશ્રીની ખાસ મંજુરીથી મંજુર કરવા ભલામણ કરવામાં આવે છે.

(26) પસંદગી સમિતિના સભ્યશ્રી, નિરીક્ષક તરીકે જનાર સભ્યશ્રી, અમ્પાયર, રેફરી, પંચ, કમ્બાઈન/કોચીંગ કેમ્પના મેનેજરઓને/કોચને મુસાફરી ભથ્થાના બીલોમાં (ઓનકાર) પેટ્રોલ વાહન માટે રુ.11 પ્રતિ કિ.મી., ડિઝલ વાહન માટે રૂ. 10 પ્રતિ કિ.મી., CNG વાહન માટે રૂ. 06 પ્રતિ કિ.મી., સ્કુટર/ મોટર સાયકલ માટે રૂ. 2.50 મુજબ ચુકવણું કરવું.

Bhakta Kavi Narsinh Mehta University
Physical Education Cell
Junagadh (Guj.)



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

(B) આંતર યુનિવર્સિટી સ્પર્ધાને લગતા TA/DAના નિયમો

| ક્રમ | વિગત | સ્થાનિક/ બહારગામ | અત્રેની યુનિવર્સિટીની સ્પોર્ટસ કમિટી દ્વારા કરવામાં આવેલ ભલામણ | | |
|---|---|---|---|---|---|
| | | | ટી.એ. રૂ. | ડી.એ. રૂ. એક દિવસીય | ડાયેટ/ માનદ વેતન |
| 1 | આંતર યુનિ. સ્પર્ધામાં ટીમ સાથે જનાર કોચ/મેનેજર | બહારગામ | રજુ કરેલ ખરેખર ભાડું (બસ અથવા ટ્રેનનું ભાડું) | રૂ. 500.00 | રૂ. 200.00 (રોજનાં) |
| | સ્થાનિક આંતર યુનિ. સ્પર્ધામાં કોચ/મેનેજર | સ્થાનિક | રૂ. 100.00 | રૂ.100.00 | રૂ.200.00 રોજના |
| 2 | આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા જનાર ખેલાડીઓ માટે | બહારગામ | રજુ કરેલ ખરેખર ભાડું (બસ અથવા ટ્રેનનું ભાડું) | રૂ. 400.00 | રૂ. 100.00 રોજના |
| | સ્થાનિક આંતર યુનિ. સ્પર્ધામાં ખેલાડીઓ માટે | સ્થાનિક | રૂ. 100.00 | રૂ. 400.00 | રૂ.100.00 રોજના |
| 3 | આંતર યુનિ. સ્પર્ધા માટે ખેલાડીઓને ફીક્સ વાહન ખર્ચ (રીક્ષા ભાડુ) | બહારગામ | રૂ. 300.00 | - | - |
| | આંતર યુનિ. સ્પર્ધા માટે કોચ/મેનેજરને ફીક્સ વાહન ખર્ચ (રીક્ષા ભાડુ) | બહારગામ | રૂ.400.00 | - | - |

(C) આંતર યુનિવર્સિટી સ્પર્ધા અંતર્ગત અન્ય નિયમો

| ક્રમ | વિગત | અત્રેની યુનિવર્સિટીની સ્પોર્ટસ કમિટી દ્વારા કરવામાં આવેલ ભલામણ | |
|---|---|---|---|
| 1 | આંતર યુનિ. ખાતે કોચ/મેનેજર અને ખેલાડીઓનો નિવાસ ખર્ચ (એક દિવસના) | નિવાસ ખર્ચ માટે યજમાન યુનિવર્સિટી ની રસીદ માન્ય રાખવી. તથા પ્રાઈવેટ હોટલ ગેસ્ટ હાઉસ માટે વ્યક્તિ દીઠ એક દિવસના 200/- રૂ.ની મર્યાદામાં | |
| 2 | આંતર યુનિવર્સિટીમાં ઓફસિટીંગ ચાર્જ, રેફ્રી ચાર્જ, એન્ટ્રી ફી, મેચ ફી | એ.આઈ.યુ.ના નિયમ પ્રમાણે | ખરેખર રજુ કરેલ બીલ |
| 3 | આંતર યુનિ સ્પર્ધા સ્થળ પર ખેલાડીઓને અમુક પ્રકારના ખાસ રમતોમા જરૂરી રમતના સાધનોની ખરીદીનો ચાર્જ (જેમ કે. ક્રિકેટ બોલ, ટેનિશ બોલ, ચેસ ક્લોર્ક, એથ્લેટીક્સ રમત સાધનો વગેરે) | ખરેખર રજુ કરેલ ખર્ચ | |
| 4 | સાયક્લિંગ જેવી રમતોમાં ખેલાડીઓને પોતાની સાથે સાયકલ જેવા ભારે રમતના સાધનો સ્પર્ધા સ્થળ પર લઈ જવાના હોય છે. તે માટે બસ અથવા ટ્રેનમાં આપવો પડતો લગેજ ચાર્જ | ખરેખર રજુ કરેલ ખર્ચ | |



Bhakta Kavi Narsinh Mehta University Physical Education Cell Junagadh (Guj.)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in

## (E) આંતર કોલેજ રમત-ગમત સ્પર્ધાના TA/DAના નિયમો

| ક્રમ | વિગત | | અત્રેની યુનિવર્સિટીની સ્પોર્ટસ કમિટી દ્વારા કરવામાં આવેલ ભલામણ | | |
|---|---|---|---|---|---|
| | | | ટી.એ. રૂ. | ડી.એ. રૂ. એક દિવસીય | ડાયેટ/ માનદ વેતન |
| 1 | આંતર કોલેજ સ્પર્ધાઓમાં યુનિવર્સિટી ટીમ પસંદગી સમિતિના સભ્યશ્રી માટે | બહારગામ | રેલ્વેવર્ગનું 3ACનું ભાડું. / ઓનકાર | રૂ. 400.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| | સ્થાનિક આંતર કોલેજ સ્પર્ધાઓમાં | સ્થાનિક | રૂ. 100.00 | રૂ. 100.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| | **નોંધ: શિટીંગ ચાર્જ સેસન દિઠ મળવાપાત્ર રહેશે.** | | | | |
| 2 | આંતર કોલેજની સ્પર્ધાઓ દરમ્યાન નિરીક્ષક તરીકે જનાર સભ્યશ્રી માટે | બહારગામ | રેલ્વેવર્ગનું 3ACનું ભાડું. /ઓનકાર | રૂ. 400.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| | આંતર કોલેજ સ્થાનીક સ્પર્ધાઓ દરમ્યાન નિરીક્ષક તરીકેજનાર સભ્યશ્રી માટે | સ્થાનિક | રૂ. 100.00 | રૂ. 100.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| | **નોંધ: શિટીંગ ચાર્જ સેસન દિઠ મળવાપાત્ર રહેશે.** | | | | |
| 3 | આંતર યુનિવર્સિટી/ આંતર કોલેજ સ્પર્ધાઓના અમ્પાયર/રેફરી/પંચ | બહારગામ | રેલ્વેવર્ગનું 3ACનું ભાડું./ ઓનકાર | રૂ. 400.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| | આંતર યુનિવર્સિટી/ આંતર કોલેજ સ્થાનિક સ્પર્ધાઓમાં અમ્પાયર/રેફરી/પંચ | સ્થાનિક | ટીકીટ મુજબ | રૂ. 400.00 | શિટીંગ ચાર્જ રૂ. 100.00 |
| 4 | આંતર યુનિવસ્રિટી અને આંતર કોલેજ સ્પર્ધાઓમાં પટાવાળા/ સેવક/ કિટબોય/ક્રિકેટ ટીમ/ ગ્રાઉન્ડ મેન | બહારગામ | રેલ્વેવર્ગનું 3ACનું ભાડું. | રૂ. 250.00 | - |
| | આંતર યુનિવસ્રિટી અને આંતર કોલેજ સ્થાનિક સ્પર્ધાઓમાં પટાવાળા/ સેવક/ કિટબોય/ક્રિકેટ ટીમ/ ગ્રાઉન્ડ મેન | સ્થાનિક | રૂ. 100.00 | રૂ. 150.00 | - |
| 5 | આંતર યુનિવર્સિટી ટીમનાં કમ્બાઈન/કોચીંગ કેમ્પના મેનેજરઓને/કોચને દૈનિક મહેનતાણાના | બહારગામ | રેલ્વેવર્ગનું 3ACનું ભાડું. /ઓનકાર | રૂ. 400.00 | રૂ. 200.00 માનદ વેતન |
| | - ઉપર મુજબ - | સ્થાનિક | રૂ. 100.00 | રૂ. 100.00 | રૂ.200.00 માનદ વેતન |
| 6 | યુનિ. ટીમનાં ખેલાડીઓને કમ્બાઈન કોચીંગ કેમ્પ દરમ્યાન | બહારગામ | રેલ્વે બીજા વર્ગનું ભાડું/ સાદી એસ.ટી. બસનું ભાડું. | રૂ. 300.00 રોજના | - |
| | - ઉપર મુજબ - | સ્થાનિક | રૂ100.00 એકદિવસીના | રૂ. 300.00 રોજના | - |
| 7 | આંતર કોલેજ સ્પર્ધા તથા યુનિ. ટીમની પસંદગી સમયે જનાર ખેલાડીઓને ચુકવવાના દરો. (ફક્ત કોલેજોને લાગુ પડશે.) | બહારગામ | રેલ્વે/બસ ખરેખરનું ભાડુ (રિઝર્વેશન સાથે) | રૂ. 300.00 રોજના | - |
| | - ઉપર મુજબ - | સ્થાનિક | રૂ100.00 .એકદિવસીના | રૂ. 300.00 રોજના | - |

Bhakta Kavi Narsinh Mehta University Physical Education Cell Junagadh (Guj.)



સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:phyedu@bknmu.edu.in